**અગ્રતા ક્રમ–** ૧૧

મહિલા અને બાળ વિકાસ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૧૬

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની**
**તારીખ: ૨૬/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર**

**પ્રશ્ન: નવસારી જિલ્લામાં વહાલી દિકરી યોજના**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મત વિસ્તાર :–

**શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઈ (નવસારી)**

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નનો વિષય | પાના નંબર |
|---|---|---|
| **૧** | **પ્રશ્નનો જવાબ** | 3 |
| **૨.૧** | **પૂરક પ્રશ્ન–૧ શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઈ (નવસારી)**<br>વહાલી દીકરી યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીની પાત્રતા શું છે ? | 4 |
| **૨.૨** | **પૂરક પ્રશ્ન–૨ શ્રી આર.સી પટેલ (જલાલપુર)**<br>વહાલી દીકરી યોજનાનો લાભ મેળવવા અરજી કરવાની સમયમર્યાદા શું છે? | 5 |
| **૨.૩** | **પૂરક પ્રશ્ન–૩ શ્રી સંદિપભાઇ દેસાઇ (ચોર્યાસી)**<br>વ્હાલી દીકરી યોજનામાં મળવા પાત્ર લાભ શું છે? | 6 |
| | **પૂરક માહિતી** | |
| ૩.૧ | વહાલી દીકરી યોજનો ઉદ્દેશ અને મળવાપાત્ર લાભો. | 7 |
| ૩.૨ | છેલ્લા પાંચ વર્ષમાં વહાલી દીકરી યોજના હેઠળ સમગ્ર રાજયમાં કેટલુ બજેટ ફાળવવામાં આવ્યુ ? અને વર્ષ વાર કેટલા લાભાર્થીને યોજનાનો લાભ આપવામાં આવ્યો ? | 8 |
| ૩.૩ | ડીસેમ્બર–૨૦૨૩ અંતિત જિલ્લા વાઈઝ લાભાર્થી મંજૂર થયેલ લાભાર્થીઓની વિગત. | 9 |
| ૩.૪ | નવસારી જિલ્લામાં તાલુકાવાર મંજુર, નામંજુર અને પડતર અરજીની વિગત | 10 |

# 11

**નવસારી જિલ્લામાં વ્હાલી દીકરી યોજના**

★**15/4/1816: શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઈ** (નવસારી): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના ક્યારથી અમલમાં છે, | (૧) રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના તા.૦૨/૦૮/૨૦૧૯થી અમલમાં છે. |
| (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના હેઠળ નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના હેઠળ નવસારી જિલ્લામાં કુલ – ૧૧૬૯ લાભાર્થીઓએ લાભ લીધેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાય મંજુર કરવામાં આવી? | (૩) ઉક્ત સ્થિતિએ કુલ– ₹ ૧૨,૮૫,૯૦,૦૦૦/– (બાર કરોડ પંચ્યાશી લાખ નેવું હજાર) ની સહાય મંજૂર કરવામાં આવી. |

---------

| અગ્રતા ક્રમ - ૧૧ પૂરક પ્રશ્ન-૧ |
| --- |
| **પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઈ (નવસારી)** |
| **પૂરક પ્રશ્ન – ૧ વહાલી દીકરી યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીની પાત્રતા શું છે ?** |

જવાબ :– **માન.અધ્યક્ષશ્રી,**

❖ વહાલી દિકરી યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતા:– .

➢ તા.૦૨/૦૮/૨૦૧૯ના રોજ અને ત્યારબાદ જન્મેલ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

➢ દંપતિ ને પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

➢ દંપતિની વાર્ષિક આવક મર્યાદા શહેર અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૨,૦૦,૦૦૦/–( અંકે રૂપિયા બે લાખ પુરા )કે તેથી ઓછી હોવી જોઈએ

➢ બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ–૨૦૦૬ની જોગવાઈ મુજબ પુખ્તવયે લગ્ન કરેલ હોઈ તેવા દંપતિઓના દીકરીઓને આ યોજના લાભ આપવામાં આવે છે.

➢ લાભાર્થી દિકરીના જન્મથી એક વર્ષની અંદર અરજી કરવાની રહે છે.

| **અગ્રતા ક્રમ – ૧૧ પૂરક પ્રશ્ન-૨** |
|---|
| **પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી આર.સી.પટેલ (જલાલપુર)** |
| **પૂરક પ્રશ્ન –૨ વહાલી દીકરી યોજનાનો લાભ મેળવવા અરજી કરવાની સમયમર્યાદા શું છે?** |

જવાબ :– **માન.અધ્યક્ષશ્રી,**

- વહાલી દીકરી યોજનાનો લાભ લેવા માટે દીકરીના જન્મના **એક વર્ષની સમયમર્યાદા**માં અરજી કરવાની રહે છે.

**અગ્રતા ક્રમ – ૧૧ પૂરક પ્રશ્ન-3**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી સંદિપભાઈ દેસાઇ (ચોર્યાસી)**

**પૂરક પ્રશ્ન –3 વ્હાલી દીકરી યોજનામાં મળવા પાત્ર લાભ શું છે?**

**માન.અધ્યક્ષશ્રી,**

❖ **મળવાપાત્ર લાભ:–**

૧. પ્રથમ હપ્તો– દીકરીઓને **પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦/–** મળવાપાત્ર થશે
૨. બીજો હપ્તો– દીકરીઓના **નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૬૦૦૦/–ની** સહાય મળવાપાત્ર થશે.
૩. આખરી હપ્તો– દિકરીની **૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે કુલ ૧,૦૦,૦૦૦/– ની સહાય** મળવાપાત્ર થશે.

આમ કુલ અંકે રૂપિયા ૧,૧૦,૦૦૦/– સહાયનો લાભ આપવામાં આવે છે.

| અગ્રતા ક્રમ – ૧૧ પૂરક માહિતી |
| --- |
| **વહાલી દીકરી યોજનો ઉદ્દેશ  અને મળવાપાત્ર લાભો.** |

**માન.અધ્યક્ષશ્રી,**

વહાલી દીકરી યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તા. ૦૨/૦૮/૨૦૧૯ બાદ જન્મેલ દીકરીઓને અંકે કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/– સહાય આપવાનું આયોજન છે.

વ્હાલી દીકરી યોજનાની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

❖ મળવાપાત્ર લાભ:–

1. પ્રથમ હપ્તો– દીકરીઓને **પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦/–** મળવાપાત્ર થશે
2. બીજો હપ્તો– દીકરીઓના **નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૬૦૦૦/–ની** સહાય મળવાપાત્ર થશે.
3. આખરી હપ્તો– દિકરીની **૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે કુલ ૧,૦૦,૦૦૦/– ની સહાય** મળવાપાત્ર થશે.

- ➢ દંપતિ ને પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- ➢ દંપતિની વાર્ષિક આવક મર્યાદા શહેર અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૨૦૦૦૦૦/–( અંકે રૂપિયા બે લાખ પુરા )કે તેથી ઓછી હોવી જોઈએ.
- ➢ બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ–૨૦૦૬ની જોગવાઈ મુજબ પુખ્તવયે લગ્ન કરેલ હોઈ તેવા દંપતિઓના દીકરીઓને આ યોજના લાભ મળશે.

❖ ઉદ્દેશ

- દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવા
- દીકરીઓનું શિક્ષણમાં વધારો કરવો અને શિક્ષણ ડ્રોપઆઉટ રેશિયો ઘટવા
- દીકરીઓનું બાળલગ્ન અટકાવવા
- દીકરીઓ અને સ્ત્રીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવું

દંપતી વધુ માહિતી માટે જે–તે જીલ્લાના મહિલા અને બાળ અધિકારીની કચરીનો સંપર્ક કરી શકે છે.

- ➢ આ યોજનામાં ફંડ મેનેજમેન્ટ એજન્સી તરીકે લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન(LIC)ને નિયત કરવામાં આવેલ છે તેમજ યોજનાના ફંડ સ્વરૂપે આજની સ્થિતિએ કુલ: ૪૦૫.૯૪ કરોડ ચુકવી LIC ને કરી આપવામાં આવેલ છે.
- ➢ આ યોજના અંતર્ગત ડીસેમ્બર–૨૦૨૩ અંતિત રાજ્યમાં કુલ: ૨,૧૯,૫૪૬ લાભાર્થીઓ મંજુર કરવામાં આવ્યા છે તેમજ યોજનાની જોગવાઈ મુજબ લાભાર્થીને ભવિષ્યમાં સહાયનું ચુકવણું કરવામાં આવશે.

| અગ્રતા ક્રમ – ૧૧ પૂરક માહિતી |
|---|
| **છેલ્લા પાંચ વર્ષમાં વહાલી દીકરી યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં કેટલુ બજેટ ફાળવવામાં આવ્યુ ? અને વર્ષ વાર કેટલા લાભાર્થીને યોજનાનો લાભ આપવામાં આવ્યો ?** |

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

વહાલી દીકરી યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષમાં આ યોજના હેઠળના બજેટમાં માતબર વધારો નોંધાયેલ છે.

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ (રૂ.કરોડમાં) | ખર્ચ (રૂ.કરોડમાં) | વર્ષને અંતે લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૧૩૩.૩૦ | ૩.૧૪ | ૦.૧૨ લાખ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૪૭.૦૦ | ૨૨.૦૦ | ૦.૪૫ લાખ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૫૦.૦૦ | ૧૦૫.૫૦ | ૧.૧૪ લાખ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૮૦.૦૦ | ૧૨૮.૫૦ | ૧.૭૦ લાખ |
| ૫ | ૨૦૨૩–૨૪ | ૧૫૦.૦૦ | ૧૪૯.૯૪ | ૨.૧૯ લાખ |

**માન.અધ્યક્ષશ્રી,**

- ❖ આ યોજનામાં સરકારશ્રી દ્વારા છેલ્લા ૫ વર્ષમાં બજેટમાં વહાલી દીકરી યોજના માટે સતત વધારો કરી વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂ.૨૫૨.૩૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.
- ❖ વહલી દીકરી યોજનાના સુચારું સંચાલન અર્થે રૂ.૪૩.૦૦ લાખના ખર્ચે વહાલી દીકરી યોજના હેઠળ પોર્ટલ બનાવવાની કાર્યવાહી પ્રગતી પર છે.

## અગ્રતા ક્રમ – ૧૧ પૂરક માહિતી

### ડીસેમ્બર–૨૦૨૩ અંતિત જિલ્લા વાઈઝ લાભાર્થી મંજૂર થયેલ લાભાર્થીઓની વિગત.

**માન.અધ્યક્ષશ્રી,**

વહલી દીકરી યોજના અન્વયે ડીસેમ્બર–૨૦૨૩ અંતિત જિલ્લા વાઈઝ મંજૂર થયેલ લાભાર્થીઓની વિગતો નીચે મુજબ છે.

| વહાલી દિકરી યોજના જિલ્લાવાર મંજુર થયેલ લાભાર્થી (ડિસે–૨૩ અંતિત) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | કુલ મંજુર લાભાર્થી | ક્રમ | જિલ્લાનું નામ | કુલ મંજુર લાભાર્થી |
| ૧ | અમદાવાદ | ૧૭૧૮૧ | ૧૮ | ખેડા | ૩૫૪૧ |
| ૨ | આણંદ | ૬૧૬૯ | ૧૯ | મોરબી | ૪૨૨૬ |
| ૩ | અરવલ્લી | ૨૩૦૯ | ૨૦ | મહેસાણા | ૯૨૧૯ |
| ૪ | અમરેલી | ૧૧૧૭૩ | ૨૧ | મહિસાગર | ૨૨૬૯ |
| ૫ | ભાવનગર | ૧૬૧૧૩ | ૨૨ | નર્મદા | ૧૩૩૬ |
| ૬ | ભરૂચ | ૬૦૯૧ | ૨૩ | નવસારી | ૪૮૭૧ |
| ૭ | બનાસકાંઠા | ૬૧૭૨ | ૨૪ | પાટણ | ૪૫૦૧ |
| ૮ | બોટાદ | ૪૧૪૧ | ૨૫ | પોરબંદર | ૪૬૯૧ |
| ૯ | છોટાઉદેપુર | ૪૫૧૫ | ૨૬ | પંચમહાલ | ૨૭૦૦ |
| ૧૦ | દાહોદ | ૧૦૭૫ | ૨૭ | રાજકોટ | ૧૭૬૪૪ |
| ૧૧ | દેવભૂમિદ્વારકા | ૩૯૫૫ | ૨૮ | સાબરકાંઠા | ૩૬૦૦ |
| ૧૨ | ડાંગ | ૭૩૧ | ૨૯ | સુરત | ૧૮૩૦૬ |
| ૧૩ | ગાંધીનગર | ૩૮૩૨ | ૩૦ | સુરેંદ્રનગર | ૫૮૫૭ |
| ૧૪ | ગીરસોમનાથ | ૧૨૬૭૪ | ૩૧ | તાપી | ૨૦૨૩ |
| ૧૫ | જામનગર | ૮૮૮૧ | ૩૨ | વલસાડ | ૪૮૯૬ |
| ૧૬ | જૂનાગઢ | ૧૨૩૧૧ | ૩૩ | વડોદરા | ૮૯૮૧ |
| ૧૭ | કચ્છ | ૬૯૫૧ | કુલ | | ૨,૧૯,૫૪૬ |

| **અગ્રતા ક્રમ – ૧૧ પૂરક માહિતી** |
|---|
| **નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન વહાલી દીકરી યોજના અંતર્ગત તાલુકા વાર કેટલી અરજી મળી, તે પૈકી કેટલી અરજી મંજૂર/નામંજૂર કરવામાં આવેલ ?** |

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન તાલુકા વાર કુલ ૧૨૩૬ અરજી મળી, તે પૈકી તમામ ૧૧૬૯ અરજી મંજૂરી કરવામાં આવી અને મળેલ અરજીમાંથી ૧૧ અરજી નામંજૂર કરવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ દરમિયાન મળેલ કુલ અરજીઓ | તે પૈકી મંજૂર અરજી | નામંજૂર અરજી | પડતર અરજી |
|---|---|---|---|---|---|
| ૧ | નવસારી | ૧૯૭ | ૧૯૧ | ૦૧ | ૦૫ |
| ૨ | જલાલપોર | ૧૯૫ | ૧૯૦ | ૦૩ | ૦૬ |
| ૩ | ગણદેવી | ૨૫૫ | ૨૪૩ | ૦૧ | ૧૫ |
| ૪ | ચીખલી | ૨૭૧ | ૨૪૮ | ૦૨ | ૧૩ |
| ૫ | ખેરગામ | ૭૫ | ૭૦ | ૦૨ | ૦૫ |
| ૬ | વાંસદા | ૨૪૩ | ૨૨૭ | ૦૪ | ૧૩ |
| કુલ | | ૧૨૩૬ | ૧૧૬૯ | ૧૧ | ૫૬ |

**નોંધ : ઉક્ત ૫૬ પડતર અરજીઓનો આજની તારીખે નિકાલ કરવામાં આવેલ છે.**